બાયડ તાલુકાના માથાભારે તત્વો સામે કડક પગલા લેવા માંગણી

બાયડ,તા. ૧૭

બાયડ શહેર ના રેલ્વે ફાટક નજીક આવેલ દારૂના અડ્ડ પર બુટલેગર એવા પિતા મોયા સલાટ અને પુત્ર પુત્ર ધર્મેન્દ્ર સલાટ ધ્વારા બાયડ શહેરમાં પોલીસની સહેજ પણ બીક રાખ્યા વગર વર્ષોથી દારૂનો મોટાપાયે ધંધો કરવામાં આવતો પરંતુ છેલ્લા કેટલાય મહિનાથી અરવલ્લી જીલલા પોલીસ વડા મયુરસિંહ ચાછડાના આદેશ અનુસર અરવલ્લી જીલ્લાની પોલીસે દારૂનો વેપાર કરતાં બુટલેગરો સામે લાલા આંખ કરી છે અને અરવલલી જીલ્લામાંથી દારૂની બદીને દુર કરવાનો નીર્ણય કર્યો છે ત્યારે પ્રજા ધ્વારા જીલ્લા પોલીસ વડાના આ નિર્ણય અને દારૂની બદી સામે કરવામાં આવરી રહેલી કામગીરને બીરદાવામાં આવરી રહી છે

ત્યારે બે દિવસ પહેલા બાયડ પોલીસે અને ધનસુરા પોલીસે આ માથાભારે પિતા પુત્રના બે નંબરના રૂપિયાથી ખરીદેલી જમીન પર ગેરકાયદેસર વગર લાયસન્સે ચાલતી હોટલ ખોલી અને આ હોટલ ની આડમાં દારૂનો વેપાર કરવામાં આવતો હતો ત્યારે આ અંગે ધનસુરા પોલીસને બાતમી મળતાં ધનસુરા પોલીસે રેડ કરી અને ૩૦ બોટલ વિદેશી દારૂ ઝડપી પાડયો હતો ત્યારે એજ દિવસે બાયડ પોલીસે પણ આ માથાભારે પિતા પુત્રના સાગરીતને પણ દારૂની ૩ બોટલ ડીલેવરી આપવા આવતા ઝડપી પાડયો હતો ત્યારે આ અંગેના સમાચાર એડ પ્રીન્ટમીડીયાના પત્રકાર ધ્વારા છાપવામાં આવ્યા હતા ત્યારે ૧૫ ની રાત્રીના સુંમારે આ માથાભારે બુટલેગર ધર્મેન્દ્ર સલાટ તેનો સાગરીત વિજય પરમાર અને અન્ય ત્રણ ફોલ્ડરીયાઓ એ આ પત્રકારને આવીને તે અમારા સમાચાર કેમ છાપ્યા છે તેવુ કહી મર્ડર કરી નાખવાની ધમકી આપતી હતી.

જયારે આ અંગે પત્રકાર દ્વારા બાયડ પોલીસ મથકે ગુનો નોધાવામાં આવ્યો છે. ત્યારે આ રીતે બાયડ તાલુકાના આ આખલા બનેલા પિતત્-પુત્ર સામે બાયડના યુવાનોએ એક સંપ થઈ અને જંગ છેડી દિધી છે ત્યારે આ બુટલેગર પિતા-પુત્રને અરવલ્લી જીલલામાંથી તડીપાર કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે અને આ બાબતે યુવાનો પિતા-પુત્રની તડીપારની માંગ સાથે આવેદનપત્ર આપવામાં આવનાર હોવાનુ જાણવા મળ્યુ છે.

બાયડના યુવાનો દ્વારા આ માથાભારે પિતા-પુત્રને તડીપાર કરવા આવેદનપત્ર આપવામાં આવશે

બાયડ સર્કિટ હાઉસ ખાતે પાટીદાર મહિલા-પુરુષો દ્વારા

થાળીનાદ કરાતા ભાજપાને મીટીંગનું સ્થળ બદલવું પડ્યું

મોડાસા, તા.૧૭

સમગ્ર ગુજરાત રાજય માં દિવસે ને દિવસે પાટીદારો આક્રમક બની રહયા છે દીવસે ને દિવસે પાટીદારો ધ્વારા સ્થાનીક કક્ષાએ આદોલન ને વધુ મજબુત બનાવી અનામત ની માંગ ઉપર અડીખમ રહયા છે જેને લઈ ને ભાજપા સરકાર અને ભાજપા ના નેતાઓ ચિંતામાં મુકાયા છે જયારે હાલ ભાજપના મંત્રીઓ અને હોદેદારો કફોડી પરીસ્થીતી માં મુકાયા છે અને અંદરો અંદર જાહેર કાર્યક્રમ માં જતાં પણ પાટીદારો નો ડર સતાવવા માંડયો છે પાટીદાર મહિલાઓ પણ હવે અનામત ને લઈ ને લડાયક મુડ માં આવી ચુકી છે. જયાં પણ ભાજપા સરકાર ના પોગ્રામ હોય ત્યાં પાટીદાર મહીલાઓ થાળી અને વેલણ લઈ ને થાળી વગાડતા વગાડતા પહોચી જાય છે.

તો બીજી બાજુ છેલલા કેટલાય દિવસ થી અરવલ્લી જીલ્લા માં બેનર લગાવાનો અને કેન્ડલ માર્ચ યોજી વિરોધ કરવાનો ટ્રેન્ડ શરૂ થયો છે. ત્યારે અરવલલી જીલ્લા ના ચોઈલા તેનાપુર આબલીયારા જીતપુર અરજણવાવ મોડાઈસા તાલુકા ના પહાડપુર સાકરીયા કીશોરપુરા લીભોઈ આ વગેર ગામોમાં રાજકીય પક્ષો જેમાં ભાજપ કે કોગ્રેસ કોઈપણ પક્ષ ના નેતાઓ એ વોટ ની ભીખ માંગવા ગામમાં પ્રવેશવુ નહી તેવી સુચના આપતા બોર્ડ લગાવવામાં આવ્યા છે.

ત્યારે આજે બાયડ ખાતે આવેલ સર્કીટ હાઉસ ખાતે જીલ્લા પંચાયત ના સદસ્યો ની સેન્સ લેવાની મીટીગ નુ આયોજન કરવામાં આવ્યુ હતુ અને સવારે ૧૦ વાગ્યે આ મીટીંગ મડવાની હતી પરંતુ પાટીદારો ને આ મસીટીગ ની જાણ થતાં જ બાયડ તાલુકાના પાટીદાર મહિલાઓ અને પુરૂષો થાળી અને વેલણ લઈ ને થાળી વગાડતા વગાડતા વિરોધ કરવા માટે બાયડ ખાતે આવેલા સકીટ હાઉસ ખાતે પહોચી જતાં ભાજપ ના હોદેદારો એ મીટીથ નુ સ્થળ કેન્સલઈ કરી ને ગુપ્ત જગ્યાએ મીટીંગ યોજવાનો વારો આવ્યો હતો. જયારે આ વીરોધ પ્રદશન માં માં પાટીદાર મહિલાઓ ધ્વારા છાજીયા લેવામાં આવ્યા હતા અને ભાજપા સરકાર ના મંત્રીઓ મુખ્યમંતરી આનંદિબેન પટેલ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી ની હાય હાય બોલાવી હતી.

(સમીર બલોચ, મોડાસા)

ગણેશચર્તુથીના પાવન અવસરે આજે સમગ્ર વાતાવરણ ગણેશમય બન્યુ હતુ. આજરોજ સવારે મુર્હુત પ્રમાણે અરવલ્લી જિલ્લાના વિવિધ તાલુકાઓમાં અને ગામોમાં ગણેશજીની મુર્તીને ડી.જેના તાલે વરઘોડો ફેરવી સ્થાપના કરવામાં આવીલ હતી અને સ્થાપના કર્યા બાદ પુજા અર્ચના કરવામાં આવી હતી. અરવલલી જિલ્લા ના મોડાસા ખાતે આવેલ રામપાર્ક માં છેલલા ૧૮ વર્ષ થી રામપાર્ક કા રાજા ગણેશ મહોત્સવનુ સફળતાપૂર્વક આયોજન કરવામાં આવી રહયુ છે. આજે રાત્રે મહાઆરતી સાથે રામ પાર્ક કા રાજાને ૧.૫ કિ.ગ્રા.ના ચાંદિના મુગટની પહેરામણી કરવામાં આવશે.

વનવાસી કલ્યાણ આશ્રમ દ્વારા ભાટકોટા ગામે નિઃશુલ્ક ચિકિત્સા શિબિર યોજાઈ

ઈસરી, તા. ૧૭

મેઘરજ તાલુકાના ભાટકોટા ગામે અખિલ ભારતીય વનવાસી કલ્યાણ આશ્રમ અરવલ્લી જિલ્લા દ્વારા નિઃશુલ્ક ચિકિત્સા શિબિર તાજેતરમાં યોજાઈ હતી. જેમાં ભાટકોટાના પ.પૂ. ડૉ. રામદાસ મહારાજના આશીર્વચનથી શિબિરનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. અરવલ્લી જિલ્લા વનવાસી કલ્યાણ આશ્રમના સંયોજક દિનેશભાઈ પંચાલે સૌનું સ્વાગત કરી પરિચય કરાવેલ. અખિલ ભારતીય વનવાસી કલ્યાણ આશ્રમના પ્રદેશ મંત્રી નરેન્દ્રભાઈ પટેલે ચિકિત્સા શિબિરની પ્રસ્તાવના રજૂ કરી વનવાસી કલ્યાણ આશ્રમની પ્રાથમિક માહિતી આપી હતી. શિબિરમાં મોડાસાના નામાંકિત ડૉક્ટરો દિનેશભાઈ પટેલ, હાર્દિકભાઈ સુથાર, જતીનભાઈ મેવાડા, દિપકભાઈ પટેલ, તિમિરભાઈ મહેતા, વિનયભાઈ ગાંધી, વિકાસભાઈ વિગેરેએ દિવસભર હાજરી આપી સેવાઓ પુરી પાડી હતી. આભારવિધિ જયંતિભાઈ ભગોરાએ કરી હતી.

ખેરોલમાં પાટીદારો દ્વારા સ્વચ્છતા દિવસનો બહિષ્કાર : શૌચાલયોને તાળાબંધી

સાબરકાંઠાના ખેરોલ ગામે ગુરુવારે અનામતને લઈને પાટીદારોએ આજે સ્વચ્છતા અભિયાનનો બહિષ્કાર કર્યો હતો અને ગામના તમામ શૌચાલયોને તાળાબંધી કરી હતી. ઉપરાંત બેરોજગાર યુવાનોએ પોતાની માર્કશીટની પણ હોળી કરી હતી.

આજે નરેન્દ્ર મોદીના જન્મ દિનની ઉજવણીને સ્વચ્છતા દિવસ તરીકે ઉજવણી થઈ રહી છે ત્યારે તલોદ તાલુકાના ખેરોલ ગામે પાટીદારોએ અનામતની માંગણીને લઈને સ્વચ્છતા અભિયાનનો બહિષ્કાર કર્યો હતો અને પાટીદારોએ ગામના તમામ શૌચાલયોને તાળાબંધી કરી હતી. તો બીજી તરફ ગામના બેરોજગાર યુવાનોએ પણ પોતાની માર્કશીટની હોળી પણ કરી હતી. સ્વચ્છતાના બહિષ્કારને લઈને આજે ગામ લોકોએ કચરો પણ વાળ્યો ન હતો અને રસ્તા પર પણ કચરો પડી રહ્યો હતો. આ કરવાનું કારણ માત્ર એક જ હતું કે પાટીદારોને જોઈએ છે અનામત અને તેને લઈને આ કાર્યક્રમ કરી વિરોધ દર્શાવ્યો છે. ગામના તમામ લોકો આજે શૌચક્રિયા કરવા બહાર ગયા હતા. આ અંગે ગામના ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે અમે આજે સ્વચ્છતા દિવસનો બહિષ્કાર કર્યો છે. ગામના તમામ શૌચાલયોને તાળાબંધી કરી છે. જ્યારે બેરોજગાર ધવલ પટેલે જણાવ્યું હતું કે, અમારા ગામમાં બેરોજગાર યુવાનો છે જે વધુ ટકાવારી હોવા છતાં બેરોજગાર છીએ અને નોકરી નથી મળતી તેથી અમે અમારી માર્કશીટની હોળી કરી છે.

અરવલ્લી જિલ્લા ભાજપા કાર્યાલય બંધ કરાવવા નીકળેલા પાટીદારોએ ટિકિટો માગી

ધનસુરા, તા. ૧૭

પાટીદાર અનામત આંદોલનને પગલે સરકાર સામે પાટીદારોએ બાંયો ચઢાવી દીધી છે. અરવલ્લી જિલ્લા ભાજપા કાર્યાલયને બંધ કરવાની ચિમકીઓ પણ પાટીદારોએ આપી ભાજપા સામેની નારાજગી વ્યક્ત કરી દીધી હતી. આ બધાની વચ્ચે નવાઈ ઉપજાવે તેમ મોડાસા ખાતે ટિકિટો માટેની માંગણીમાં જિલ્લા ભાજપા કાર્યાલય બંધ કરાવવાની ચિમકી આપનારાઓએ જ ટિકિટો માગતાં અચરજ પેદા થયું છે.

રાજયભરમાં અનામત આંદોલનને લઈ પાટીદારોમાં આક્રોશ ભભૂકી ઉઠ્યો છે. જેની અસર હેઠળ મોડાસા ખાતે કડવા પાટીદાર બોર્ડિંગમાં ચાલતા ભાજપા કાર્યાલયને શનિવાર સુધીમાં બંધ કરાવી દેવાની ચિમકી ઉચ્ચારવામાં આવી છે. મંગળવારે કેટલાક પાટીદાર આગેવાનો જિલ્લા ભાજપા કાર્યાલયમાં ધસી આવ્યા હતા અને જો શનિવાર સુધીમાં ભાજપા કાર્યાલય બંધ નહીં કરાય તો તાળાબંધી કરાવની પણ ચિમકી ઉચ્ચારી છે. આ ઘટના બાદ ભાજપામાં સન્નાટો છવાઈ ગયો હતો અને પાટીદારો ભાજપા તરફ કેટલા નારાજ છે તે સ્પષ્ટ ઉડીને આંખે વળગ્યું હતું.

પરંતુ મોડાસા ખાતે બુધવારના રોજ ભાજપા દ્વારા ટિકિટોની ફાળવણી મુદ્દે ઉમેદવારોએ રજૂઆતો સાંભળી હતી. જેમાં મંગળવારના રોજ ભાજપા કાર્યાલય બંધ કરાવવાની ચિમકી આપનાર જ પાટીદારોએ ટિકિટની માંગણી કરી હતી. પોતાના પરિવારમાં ટિકિટ આપવામાં આવે તેવી માંગણી સાંભળતા જ ભાજપાના અગ્રણીઓ ચોંકી ઉઠ્યા હતા. એક બાજુ ભાજપાનું કાર્યાલય બંધ કરાવવા મોરચો માંડનાર પાટીદારો ભાજપામાંથી ટિકિટ મેળવવા માટે મેદાનમાં આવતાં નવાઈ પેદા થઈ છે. ઉલ્લેખનીય છે કે મોડાસા ખાતે ૧૨ બેઠકો માટે ૫૧ વ્યક્તિઓએ ટિકિટોની માંગણી માટેના ફોર્મ ભર્યા હતા.

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

ગાંધીનગર આર.આર.સેલ. પોલીસ ટીમના વિરલ પટેલ તથા તેમની ટીમે વડવાસા પાટીયા નેશનલ હાઈવે આઠ પાસે અગાઉથી જ વોચ ગોઠવી ઓમ લોજીક સ્ટ્રીસલિ. ની ડાક પાર્સલની આઈશર ગાડી નં. જીજે૧૫વીવી-૭૩૮૫માં વગર પાસ પરમીટ વિદેશી દારૂ ભરેલ કન્ટેનર સાથે બે ની અટકાયત કરવામાં આવી હતી.

કિશોરપુરા અને હકસાબાદના પાટીદારો દ્વારા નેતાઓને ગામમા મનાઈ ફરમાવતા બેનર

અરવલ્લી જિલ્લામાં સ્વરાજ્યની ચૂંટણીઓ નજીકમાં છે ત્યારે પાટીદાર અનામત આંદોલન ચળવળમાં પાટીદાર સમાજના યુવાનો અને મહિલાઓ અનામત મેળવવાનો હુંકાર કરી રાજકીય પક્ષોને પ્રવેશબંધીના બેનરો જીલ્લાના વિવિધ ગામડાઓમાં બેનર લગાડવા અને કેન્ડલ માર્ચ યોજવાની સાથે થાળીઓ ખખડાવી રેલી કાઢવાના કાર્યક્રમો સતત ચાલી રહ્યા છે. મોડાસાના કિશોરપુરા અને હકસાબાદના યુવાનો અને મહિલાઓ દ્વારા થાળીઓ વગાડી રાજકીય પક્ષના કાર્યકરોને પ્રવેશવા મનાહી ફરમાવી દેતા બેનરો લગાડી દેવામાં આવ્યા છે. મોડાસાના સાકરીયા ગામની મહિલાઓએ અનામત આંદોલનમાં ગામમાં કેન્ડલ માર્ચ યોજી રાજકીય પક્ષના કાર્યકર્તાઓ જો ગામમાં પ્રચાર કરવા આવશે તો ટાંગાટોળી કરી બહાર નાખવાની જાહેરાત ગામની અગ્રણી પાટીદાર મહિલા સૂર્યાબેન પટેલ અને અન્ય મહિલાઓએ કરી હતી.

(તસવીર : જય અમીન, મોડાસા)

મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનનો ટેલીફોન વારંવાર બંધ રહેતા ભારે હાલાકી

મોડાસા, તા. ૧૭

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરની નજીક સબલપુર ગામમાં આવેલ મોડાસા તાલુકાના રૂરલ પોલીસ સ્ટેશનનો ટેલીફોન સેવા વારંવાર ખોટકાઈ જતા મોડાસા તાલુકાના ગ્રામજનોને ભારે હાલાકીની સામનો કરવો પડી રહ્યો છે. આવશ્યક સેવાઓમાં આવતા પોલીસ સ્ટેશનનો ફોન બંધ રહેતા અને સતત રીંગ રણક્યા પછી પણ કોઈ પ્રતિઉત્તર ન મળતા અકસ્માત, લુંટ કે ચોરી, લૂંટફાટ, ટ્રાફિક સમસ્યા, એક્સીડેન્ટ તથા અન્ય ગુન્હાત્મક બનતી પ્રવૃત્તિઓ માટે ગ્રામજનોએ પોલીસ મથકનો સંપર્ક કરવો પડે છે. પરંતુ છેલ્લા કેટલાય સમયથી મોડાસા રૂરલ પોલીસ સહિતની જાણ કરવી ગ્રામજનો માટે મુશ્કેલ બની ગયું છે.

મોડાસા શહેરથી ૨ કિમીના અંતરે આવેલા સબલપુર ગામમાં મોડાસા તાલુકા કક્ષાનું મોડાસા રૂરલ પોલીસ સ્ટેશન કાર્યરત છે. મોડાસા રૂરલ પોલીસ મથકનો ટેલીફોન વારંવાર બંધ હાલતમાં રહે છે. મોડાસા તાલુકાના અંદાજે ૧૦૫થી વધારે ગ્રામ પંચાયત અને ૩૦૦થી વધુના ગામડાઓના લોકોને ગામમાં કોઈપણ સમસ્યા જેવી

સ્ટેશનનો ટેલીફોન વારંવાર બંધ રહેતા અને ફોન જોડનાર સતત રીંગ સાંભળવા સીવાય કોઈ જ જવાબ મળતો ન હોવાથી મોડાસા તાલુકાના ગામડાઓના લોકોને ભારે હાલાકી અનુભવવી પડે છે. અને ગ્રામજનોને કંઈપણ રજૂઆત માટે રૂબરૂ પોલીસ મથકે જવું પડે છે. મોડાસા તાલુકાના પ્રજાજનો પોલીસ મથક જેવી જાહેર જગ્યાએ આ આવશ્યક સેવાઓ ન મળતા ગામડાનો લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. ત્યારે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનના જવાબદાર પોલીસ અધિકારી કે પછી અરવલ્લી જિલ્લા પોલીસ વડા દ્વારા તાલુકાના પ્રજાજનોને પડતી મુશ્કેલીની તાત્કાલિક નિવારણ લાવી ટેલીફોન ઓફીસમાં યોગ્ય રજૂઆત કરી મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનનો લેન્ડલાઈન ટેલીફોન ચાલુ કરાવી જનતાને પડતી પારાવાર ભારે હાલાકી દૂર કરવામાં આવે તેવી ઉગ્ર માંગ ઉઠી છે.

(તસવીર : જય અમીન, મોડાસા)

મોડાસાની જેસીઆઈ સંસ્થાનો સન્માન સમારંભ યોજાયો

મોડાસા, તા.૧૭

અરવલ્લી જીલ્લાના મોડાસામાં કેટલીક એનજીઓ દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે જાત જાત ની પ્રવૃતિઓ કરવામાં આવે છે. જેમાં મોડાસાની જેસીઆઈ સંસ્થા દ્વારા તારીખ ૦૯-૦૯-૧૫ થી ૧૫-૦૯-૧૫ સુધી જેસી સપ્તાહ ની ઉજવણી કરવામાં આવી જેમાં વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યુ.

મોડાસાના નાગરીકો દ્વારા જેસીઆઈ ઉજવણી સપ્તાહનું આયોજન કરાયુ હતુ. જેમાં તારીખ ૦૯-૦૯-૧૫થી ૧૫-૦૯-૧૫ સુધી અવનવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ હતું આ કાર્યક્રમમાં મહિલા શસકતીકરણ, કેરીયર ડેવલપમેન્ટ, સ્પર્ધાત્મક પરીક્ષા, ચિત્ર સ્પર્ધા, રમત - ગમત, વકૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, જેવા કાર્યક્રમો અરવલ્લી જીલ્લામાં સ્કુલો અને કોલેજોમાં રાખવામાં આવે છે. અને આ સ્પર્ધામાં પ્રથમ ત્રણ નંબર આવનાર વિદ્યાર્થીઓને ઈનામ વિતરણનો કાર્યક્રમ આજરોજ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ડા.સંતોષ દેવકર , ડા.જીજ્ઞેશભાઈ સુથાર, રવિભાઈ શાહ, ધર્મેન્દ્ર ત્રીવેદી, અતુલ જોશી, વ્રજેશ પંડ્યા, ભાવેશ જયસ્વાલ અને રાધીકા જ્વેલર્સવાળા ભરતભાઈ સોનીએ આ કાર્યક્રમને દીપાવ્યો હતો. આજ રીત ના કાર્યક્રમો બભી એનજીઓ સંસ્થાઓ દ્વારા કરવામાં આવે તો ચોક્કસ પણે વિદ્યાર્થીઓનું મનોબળ મજબુત અને બીજા વિદ્યાર્થીઓ તેમની હરોળ માં આવવા માટે તેમની ચોક્કસ પણે મહેનત કરે એ નક્કી વાત છે. જ્યારે કાર્યક્રમના અંતે આભાર વિધી કનુભાઈ ખાંટ સાહેબે કરી.આ કાર્યક્રમમાં આવેલ વિદ્યાર્થીઓ અને વાલી ગણોના દીલ જીતસ લીધા હતા.

(સમીર બલોચ, મોડાસા)

પ્રાંતિજની ભાગપુર દૂધ મંડળીમાં બલ્ક મિલ્ક કુલિંગ યુનિટનું ઉદઘાટન

પ્રાંતિજ, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ભાગપુર ખાતે ગામની દૂધમંડળીમાં દૂધને ઠંડુ રાખવા માટે સાબરડેરી દ્વારા તૈયાર કરાવેલ બલ્ક મિલ્ક કુલિંગ યુનિટનું ઉદ્ઘાટન કરાયું હતું.

ભાગપુર ખાતે આવેલ દૂધમંડળીના ૨૩૧ સભાસદો સવાર અને સાંજે દૂધ ભરાવે છે. જેની ગુણવત્તા જળવાઈરહે તે માટે સાબરડેરી દ્વારા પાંચ હજાર લીટરની ક્ષમતા ધરાવતા બલ્ક મિલ્ક કુલિંગ યુનિટ ભાગપુર ખાતે મુકવામાં આવ્યું હતું. જેનું જીસીએમએમએફ તથા સાબરડેરીના ચેરમેન જેઠાભાઈ પટેલના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાંસદ દિપસિંહ રાઠોડ, સાબરકાંઠા બેંકના ચેરમેન મહેશભાઈ પટેલ, જયેન્દ્રસિંહ રાઠોડ, ભોગીભાઈ પટેલ તથા મણીભાઈ પટેલ વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.